# દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

## રાષ્ટ્રપતિને ઘણા વિકલ્પ સાથે અહેવાલ સુપરત : આગામી બે દિવસમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાય તેવી પ્રબળ સંભાવના : વિધાનસભાને સુશુપ્ત અવસ્થામાં રખાશે

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની આખરે ભલામણ કરી દેવામાં આવી છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ત્રિશંકુ ચુકાદો આવ્યા બાદ કોઈ પણ પાર્ટી સરકાર રચવા માટે તૈયાર ન થતા જટિલ સ્થિતિ સર્જાઈ છે. દિલ્હીમાં નવી સરકારની રચના કરવા અંગે મડાગાંઠને તોડવા અન્ય વિકલ્પોની સાથે સાથે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ ઉપરાજ્યપાલ નજીબ જંગ દ્વારા કરી દેવામાં આવી છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. હવે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૩૨, આમ આદમી પાર્ટીને ૨૮ અને કોંગ્રેસને સૌથી ઓછી બેઠકો મળી હતી. નજીબ જંગે સાફ શબ્દોમાં કહ્યુ છે કે વિધાનસભાને આ ગાળા દરમિયાન સુશુપ્ત અવસ્થામાં રાખવામાં આવશે.

રાષ્ટ્રપતિને સુપ્રત કરવામાં આવેલા અહેવાલમાં જંગ દ્વારા અન્ય કેટલાક વિકલ્પો પણ રજુ કરવામાં આવ્યા છે જેમાં વિધાનસભાનેસુશુપ્ત અવસ્થામાં રાખીને કેન્દ્રિય શાસનનો સમાવેશ થાય છે. ભાજપ સાથે વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ મડાગાંઠનો ઉકેલ આવ્યો નથી. કોંગ્રેસે સરકારની રચના કરવા આમ આદમી પાર્ટીને બિનશરતી ટેકાની ઓફર કરી હતી. અહેવાલની વિગતો આપવાનો ઈન્કાર કરીને કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યુ હતુકે ઉપરાજ્યપાલ પાસે ખૂબ ઓછા વિકલ્પ રહી ગયા છે. અમે અહેવાલની કાયદેસરતામાં તપાસ કરી રહ્યા છીએ. અહેવાલમાં જંગે કહ્યુ છે કે સરકાર રચવાની સ્થિતિમાં કોઈ પણ પાર્ટી નથી. આમ આદમી પાર્ટીને નેતા અરવિંદ કેજરીવાલ વધુ ચર્ચા માટે વધારે સમયની માંગ કરી રહ્યા છે જેથી વિધાનસભાને સુશુપ્ત અવસ્થામાં રાખીને રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે તે જરૂરી છે.

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વિદ્યા, બળ અને યશથી વિખ્યાતિ મેળવે છે તેમનું જીવન ભલે ટુકું હોય પણ સફળ છે
- રાજચંદ્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૬ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૩, મંગળવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### ● 'આપ'ને દર કલાકે લાખ રૂપિયા દાનમાં મળે છે




ગાંધીનગર, તા. ૧૬

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રદર્શનથી દેશભરના લોકોનો તેમાં વિશ્વાસ વધ્યો છે. લોકસભાની ચૂંટણી લડવાનો નિર્ધાર 'આપ' પાર્ટીએ વ્યક્ત કરતા જ આ પક્ષને દાન આપનારાઓની રીતસર લાઈન લાગી ગઈ છે. દર કલાકે 'આપ'ના એકાઉન્ટમાં આશરે એક લાખ રૂપિયા જમા થાય છે. દિલ્હીના જંતર-મંતર ખાતે કાર્યકર્તાઓ સાથેની રેલીમાં લોકોને ફરીથી દાન કરવાની અપીલ કરવામાં આવી હતી જેનું આ પરિણામ છે.

### ● મોદી રણોત્સવમાં બે દિવસ આરામ ફરમાવશે

ગાંધીનગર, તા. ૧૬



કચ્છના પર્યટન સ્થળ ધોરડો ખાતે રણોત્સવનો દબદબાભેર પ્રારંભ થયો છે. જો કે વ્યસ્તતાના કારણે મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી રણોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહી શક્યા ન હતા. હવે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે ૧૭મી ડીસેમ્બરના રોજ ધોરડો જશે અને બે દિવસ માટે આરામ કરશે. મુખ્ય પ્રધાન આવવાના હોવાથી સલામતીની વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

### ● હવે જયા બચ્ચન પણ નાના પડદે

ગાંધીનગર, તા. ૧૬



પતિના પગલે હવે જયા બચ્ચન પણ ટીવીના પડદે પદાર્પણ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. જયા બચ્ચન હવે 'વસુંધરા'નામના ફિકશન-શૉ માં દેખાશે. જાણીતા ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્યની સુપ્રસિદ્ધ નવલકથા 'યોગ-વિયોગ' પરથી બનનારી ટીવી સિરિયલ 'વસુંધરા'માં તેઓ લીડ રોલ ભજવશે. જે સોની એન્ટરટેઈન્મેન્ટ પરથી રજુ થશે.

### ● લોકસભાની ચૂંટણી ૧૪મી મે ના રોજ યોજાશે તેવી અફવા

ગાંધીનગર, તા. ૧૬



આગામી લોકસભાની ચૂંટણી અંગેની જુદી જુદી ચર્ચાઓ થતી જોવા મળી રહી છે ત્યારે ૧૪મી મે ના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી થશે તેવી એક પ્રબળ અફવા સોશીયલ નેટવર્કના માધ્યમોથી ફરી રહી છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે એક નિવેદનમાં તાજેતરમાં જ જણાવ્યું છે કે ૧લી જૂન પહેલા જુદા જુદા તબક્કામાં લોકસભાની ચૂંટણી પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ આ અફવાએ જોર પકડ્યું છે.

# ગાંધીનગરમાં ઠંડીની જમાવટ



(તસવીર : દિપક જાની)

## પારો ૯.૭ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૬

ઠંડીનું પાટનગર બની ગયું હોય તેમ શહેરમાં છેલ્લા અઠવાડિયાથી આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન ગઈકાલથી સહેજ વધીને ૯.૭ નોંધાયું છે.

શિયાળાની ઋતુમાં ગુજરાતના સૌથી ઠંડા રહેતા શહેરો ડીસા અને નલીયાને પછાડીને ગાંધીનગર પ્રથમ સ્થાને પહોંચ્યું છે. આ વર્ષે સિઝનની શરૂઆતથી જ ઠંડીના મામલે ગાંધીનગર પ્રથમ રહ્યુ છે. ડીસા અને નલીયા જેવા હંમેશા અખબારોના મથાળે ઠંડીની બાબતે ચમકતા શહેરોનુ ગાંધીનગરે લઈ લીધુ છે. ગાંધીનગરમાં કેટલી ઠંડી છે તેમાં અખબારો સહિત મોસમ નિષ્ણાતોને રસ પડી રહ્યો છે. આ વર્ષે ઉત્તરીય પવનોની અસર સીધી જ જાણે ગાંધીનગરને થઈ રહી હોય તેવો માહોલ સર્જાયો છે. ગાંધીનગર છેલ્લા અઠવાડિયાથી લઘુત્તમ તાપમાન ૯ અને ૧૦ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન ગાંધીનગર ઉપરાંત ખુબજ આશ્ચર્યજનક રીતે વલસાડ જેવા શહેરનું નોંધાયું છે. સુર્યાસ્ત થતા જ ઠંડા સુસવાટાભર્યા પવનોથી શહેરનું જનજીવન જાણે શુષ્ક થઈ જાય છે. વાહનોની અવરજવર સાવ ઓછી રહેતા માર્ગો સુમસામ બની જાય છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા ધુમ્મસભર્યુ વાતાવરણ સર્જાય છે. રાત્રે અને વહેલી સવારે ધુમ્મસ વધુ રહે છે.

સતત ચોથા દિવસે પણ રાજ્યનું સૌથી વધુ ઠંડુ શહેર ગાંધીનગર બન્યું છે. ચાર-ચાર દિવસથી ઠંડીના તીવ્ર મોજાને કારણે જનજીવન પર ઘેરી અસર વર્તાય છે. વહેલી સવારે શાળાએ જતા બાળકો ઠંડીમાં ઠુઠવાય છે અને ખુલ્લામાં રહેતા શ્રમિકો ઠંડીથી ભારે પરેશાન છે. ખાસ કરીને સેક્ટર-૧૩, ૧૪, ૧૫ના પાછળના વિસ્તારોમાં શ્રમિકોનો મોટો જથ્થો ખુલ્લામાં રહે છે. જેમને વહેલી સવારે શ્રમના સ્થળે પહોંચવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. સાંજના છ-સાતના સુમારે તો શહેરમાં કરફ્યુ પડી ગયો હોય એવું સુમસામ વાતાવરણ સર્જાય છે. ઠંડીના તીવ્ર મોજાને પગલે ગરમ વસ્ત્રોના વેચાણમાં ભારે ઉછાળો આવ્યો છે.

# ગાંધીનગર એફએસએલ ખાતે એશિયાનું સૌ પ્રથમ બેલેસ્ટીક રીસર્ચ સેન્ટર સ્થપાશે

## ૬ કરોડના ખર્ચે બનનાર આ સેન્ટરમાં બુલેટ પ્રુફ વાહનો ઉપરાંત યુધ્ધમાં વપરાતા વાહનોની ગુણવત્તાનું પણ ચેકીંગ થઈ શકશે

ગાંધીનગર, તા.૧૬

બુલેટ પ્રુફ વાહનો અને યુધ્ધમાં વપરાતા વાહનોની ગુણવત્તાનું ટેસ્ટિંગ થઈ શકે તેવા એશિયાના સૌ પ્રથમ બેલેસ્ટીક ટેસ્ટિંગ સેન્ટરની સ્થાપના ગાંધીનગર એફએસએલમાં થશે. અંતિમ તબક્કામાં ચાલી રહેલા આ પ્રોજેકટ પાછળ છ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગાંધીનગર એફએસએલને આ સેન્ટર શરૂ કર્યા બાદ વધુ નામના મળશે.

આધુનિક ટકનોલોજીના સમયમાં ગુન્હેગારો અને અપરાધીઓ સામે મજબુત પુરાવા ઉભા કરવા હવે ફોરેન્સીક સાયન્સની પોલીસ અવારનવાર મદદ લે છે. ગાંધીનગર એફએસએલની કચેરીની પાસે જ એફએસએલ યુનિવર્સિટીની સ્થાપના કરી ગુન્હા નિવારણ ક્ષેત્રે નિષ્ણાંતોની ફોજ ઉભી કરવામાં આવી રહી છે. આ સાથે વૈશ્વિક કક્ષાની સુવિધાઓ અને ટેસ્ટિંગ સેન્ટર સ્થાપવામાં પણ ગાંધીનગર એફએસએલ અવ્વલ રહ્યું છે. બે વર્ષ અગાઉ ગાંધીનગર એફએસએલ ખાતે બુલેટપ્રુફ જેકેટ અને હેલમેટનું ટેસ્ટીંગ થઈ શકે તેવી સુવિધા ઉભી કર્યા બાદ આખે આખા બુલેટપ્રુફ વાહનોનું ટસ્ટીંગ થઈ શકે તેવી સુવિધા ગાંધીનગર એફએસએલ કેમ્પસમાં ટૂંક સમયમાં શરુ કરાશે.

રાજકીય નેતાઓ, અભિનેતાઓ, રાજદ્વારીઓની સુરક્ષામાં વપરાતા બુલેટપ્રુફ વાહનોની ગુણવત્તા ચકાસવા માટે સુરક્ષા એજન્સીઓ અને કંપનીઓને વિદેશ પર આધાર રાખવો પડતો હતો. બુલેટપ્રુફ વાહનો સહિત યુધ્ધમાં વપરાતા વાહનોની ગુણવત્તાનું ટેસ્ટીંગ કરી શકતા બેલેસ્ટીક રીસર્ચ સેન્ટર વિશ્વમાં માત્ર યુકે, યુએસએ અને ઓસ્ટ્રેલીયામાં જ હતા. આ સેન્ટરોમાં એક બુલેટપ્રુફ વાહનને ટેસ્ટીંગ માટે મોકલવાનો ખર્ચ ૧ કરોડથી વધુ થતો હતો. પરંતુ હવે ગાંધીનગરમાં એશિયાનું સૌ પ્રથમ બેલેસ્ટીક રીસર્ચ સેન્ટર સ્થપાતા આ ખર્ચ અડધો થઈ જશે. અત્યાર સુધી ગાંધીનગર એફએસએલમાં માત્ર હેલ્મેટ બુલેટપ્રુફ જેકેટ અને બુલેટપ્રુફ વાહનોમાં વપરાતી પ્લેટસ અને કાચનું ટેસ્ટીંગ થતું હતું. હવે અહીં બેલેસ્ટીક રીસર્ચ સેન્ટર સ્થપાતા આખે આખા વાહનનું ટેસ્ટીંગ થઈ શકશે. ૧૫૦ મીટર લાંબી સાઉન્ડ પ્રુફ રેન્જમાં નાની પીસ્ટોલથી લઈને એકે ૪૭, ઈન્ટાસ રાઈફલથી ફાયર કરી વાહનની ગુણવત્તાનું ચેકીંગ કરાશે અને આ ટેસ્ટના આધારે સુરક્ષા એજન્સીઓ અને ઉત્પાદકોને સર્ટીફીકેટ આપવામાં આવશે. આ પ્રકારના વાહનોના ઉત્પાદકોને અહીં બોલાવી તેમની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવશે. જેની વિડીયોગ્રાફી પણ કરાશે. ઘર આંગણે આ પ્રકારની સુવિધા ઉભી થતા સુરક્ષા એજન્સીઓ અને સંરક્ષણ વિભાગને ખુબ ફાયદો થશે. કેનેડા અને ફ્રાન્સના ઉત્પાદકોએ પણ આ બાબતે પૃચ્છા કરી રસ દાખવ્યો છે. છ કરોડના ખર્ચે ઉભી થનારી આ સુવિધા દોઢેક માસના ગાળામાં કાર્યરત થઈ જશે.

# આજથી કચ્છમાં રણોત્સવ આરંભાશે

## ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી મહોત્સવ ચાલશે : સફેદ રણની ચાંદની રાતનું સૌંદર્ય માણવા પ્રવાસીઓનો ધસારો : પર્યટકોની સંખ્યામાં ૧૧૦ ટકાનો જંગી વધારો

ગાંધીનગર, તા.૧૬

વિશ્વભરમાં પ્રવાસન ક્ષેત્રમાં અનન્ય આકર્ષણ બની રહેલો કચ્છનો રણોત્સવ આ વર્ષે વધુ વિશેષ આકર્ષણો સાથે આગામી તા. ૧૭મી ડિસેમ્બર-



૨૦૧૩થી ૧૫મી ફેબ્રુઆરી-૨૦૧૪ સુધી સળંગ બે મહિના માટે યોજાશે એમ રાજ્ય સરકારના પ્રવક્તા, પ્રવાસન મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું.

ગુજરાતના અપાર વૈવિધ્યસભર પ્રવાસન ક્ષેત્રને વિશ્વના પર્યટન નકશા ઉપર મુકવાની પ્રતિબદ્ધતા સાથે રણોત્સવની અનોખી સંકલ્પના કરનારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શક હેઠળ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે કચ્છના રેગિસ્તાનમાં ધોરડો નજીક ચાંદની રાતના અજવાળે સફેદ રેતીના રણમાં કેમલ સફારી અને કચ્છની ભાતીગળ લોકસાંસ્કૃતિનો સમન્વય કરીને આ બે મહિનાના રણોત્સવનું આયોજન કર્યું છે તેમ પણ સૌરભ પટેલે કહ્યું હતું.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે રણોત્સવ માટે દેશ-વિદેશના પ્રયટકો તરફથી અભૂતપૂર્વ ઉમળકાભર્યો પ્રતિસાદ મળી રહ્યો છે. આ વર્ષના રણોત્સવમાં પ્રથમ પેકેજમાં સમગ્ર ટેન્ટસિટી ૪૫ ટકા જેટલું સંપૂર્ણ આરક્ષણ થઈ ગયું છે. રણોત્સવમાં આ વર્ષે ૩૦૦ જેટલા એસી અને નોન એસી ટેન્ડ ધોરડોની ટેન્ડ સિટીમાં ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ગુજરાત પ્રવાસન નિગમના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતા રણોત્સવનું આ વર્ષે પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ પીપીપી મોડેલ પર આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

પ્રવાસન વિકાસ માટે ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનેલા પ્રસિદ્ધ અભિનેતા અમિતાભ બચ્ચને કચ્છ સહિત ગુજરાતના પ્રવાસન માટે જે વિશિષ્ટ અભિયાન હાથ ધર્યું છે. તેના પરિણામે કચ્છના પ્રવાસન તરફ પ્રયટકોનું આકર્ષણ અનેકગણું વધ્યું છે. આ સંદર્ભમાં પ્રવાસન મંત્રીએ કચ્છના પ્રવાસન પ્રયટકોની સંખ્યામાં છ વર્ષમાં ૧૧૦ ટકાની વૃદ્ધિ થઈ છે તેની વિગતો આપતા કહ્યું કે ૨૦૦૭-૦૮માં કચ્છના રણનું પ્રવાસન સૌદર્ય માણવા ૭ લાખ ૭૧ હજાર જેટલા પ્રવાસીઓ આવ્યા હતા જે સંખ્યા વધીને વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૬ લાખ ૧૯ હજારે પહોંચી છે.

રણ ઉત્સવ ૨૦૧૩માં વિશેષ આકર્ષણરૂપે પહેલીવાર ઓનલાઈન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે તેની વિગતો આપતા પ્રવાસન મંત્રીએ જણાવ્યું કે એમેચ્યોર ફોટોગ્રાફર્સ તથા પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ માટેની આ ફોટોગ્રાફી સ્પર્ધામાં કચ્છના રણનું સૌદર્ય, કચ્છ અને તેની સાંસ્કૃતિ વિરાસત, હસ્તકલા, યથાવર પક્ષીઓ તેમજ કચ્છના રણ અને તેની આસપાસના વિસ્તારો કુદરતી નજારા અને વિરાસત જેવા વિષયો પર સોશ્યલ મીડીય ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ પર સ્પર્ધા માટે ફોટા અપલોડ કરવાના રહેશે. આવા ફોટોગ્રાફમાંથી શ્રેષ્ઠ ફોટોગ્રાફસની પસંદગી ફોટોગ્રાફી ક્ષેત્રના વિશિષ્ટ તજજ્ઞોની પેનલ દ્વારા કરાશે અને આકર્ષક ઈનામો વિજેતાઓને આપવામાં આવશે.

# જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિમાંથી ભાજપના રમણભાઈ વાઘેલાનું રાજીનામુ

## પંચાયતની સામાન્ય સભા પૂર્વે રાજીનામાનો સિલસિલો સામાન્ય સભાને લઈ રાજકીય ઉત્સુકતા જગાવે છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૫ દિવસમાં આજે બીજુ રાજીનામુ શિક્ષણ સમિતિના સભ્યપદેથી રમણભાઈ વાઘેલાએ આપ્યું છે. આ અગાઉ પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોરે હોદ્દા પરથી રાજીનામુ આપ્યું છે.

અત્યંત વિવાદોમાં રહેલી શિક્ષણ સમિતિમાં ગત સામાન્ય સભાની બેઠકમાં ભાજપના સભ્ય શ્રી રમણભાઈ વાઘેલાનો સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો હતો. શ્રી વાઘેલાએ આજે તેમના સમિતિના સભ્ય તરીકેનો રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યો છે.

બીજી તરફ જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૩જી જાન્યુઆરીએ મળવાની છે તેની આડે હજુ ૧૫ દિવસથી પણ વધુનો સમય બાકી છે પણ રાજીનામાનો જે સિલસિલો ચાલ્યો છે તેને લઈ આ બેઠકે રાજકીય ઉત્સુકતાને જન્મ આપ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતના ઉપપ્રમુખ તરીકે રાજીનામુ આપનાર ભીખીબેન ઠાકોરના રાજીનામા અંગેની ખરાઈ થઈ ચુકી છે અને તે અંગે આગામી સામાન્યસભામાં નિર્ણય લેવાશે. ગત સામાન્ય સભામાં તેમનું રાજીનામુ નામંજૂર કરાયું હતું પરંતુ હવે તેમનું રાજીનામુ મંજૂર કરી દેવાશે તેમ મનાઈ રહ્યું છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ જે રીતે રાજકીય અસ્થિરતાઓ ઉભી થઈ રહી છે તે સ્થિતિમાં આગામી ૧૯મીએ મળનારી જિલ્લાની કારાબોરીમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવશે અને કોઈ નવી રણનીતિ આ બેઠકમાં તૈયાર થશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયતના ઉપપ્રમુખે આપેલા રાજીનામાને લઈ પ્રદેશ નેતાઓનું ધ્યાન પણ દોરવામાં આવ્યું છે તેથી નિરીક્ષકો ૧૯મીની બેઠકમાં હાજર રહેનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

આજે શિક્ષણ સમિતિમાંથી ભાજપના શ્રી રમણભાઈ વાઘેલાએ આપેલા રાજીનામા અંગે કોંગ્રેસ મૌન છે પરંતુ ભાજપના સૂત્રોમાંથી મળતી

● અનુસંધાન પાન-૭ પર

## ખોવાયેલ છે

પાઠક હર્ષ દિલીપકુમારના નામનું મેડીકલ ડીગ્રી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ નં. S-48480 તા. ૧૨/૧૨/૧૨નું ગાંધીનગર, સે-૬માં ખોવાયેલ છે. જો કોઈને પણ મળે તો નીચેના મોબાઈલ નંબર પર જાણ કરવા વિનંતી

મો. : ૯૪૦૮૭૬૭૩૨૨

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૯ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

